જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૭/૨૦૧૬ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૫/૧૬**

**શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી ૬૨ લીટર દેશી દારૂ, ૪૦૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૨૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.**

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૬/૧૬**

**શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૯ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની** અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૭/૧૬**

**સરદારનગરઃ સુભાષભાઇ બીજલભાઇ રાણા** (રહે,ભદ્રેશ્વર રામાપીરની દરગાહની પાછળ, લીમડીવાળા છાપરામાં, સરદારનગર) એ તા.૨૮/૭/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૭/૧૬ બપોરનાં ૧/૩૦ વાગ્યાના સુમારે સમરથનગર આગળથી પોતાના પુત્ર દશરથ (ઉ.વ.૧૩) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.જી.ખરાડી ચલાવે છે.

**પહેલા માળેથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૩૭૮/૧૬**

**જી.આઇ.ડી.સી.વટવા : મુન્નાકુમાર દયારામ ભગત (ઉ.વ.૩૨) (રહે.પાણીની ટાંકી પાસે, બચુભાઇનો કુવો, વટવા)** તા.૨૨/૭/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે જી.આઇ.ડી.સી. વટવા ફેઝ-૨ માં આવેલ નેશનલ કલર કેમ કંપનીનાં પહેલાં માળે લીફ્ટનું કામ કરતાં હતા દરમ્યાન પાંજરાની ચેઇન તુટી પડતાં, નીચે પડી જતાં શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૭/૧૬ નારોજ તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે જી.આઇ.ડી.સી.વટવા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ફ્લેટની સીડી ઉપરથી પડી જતાં બાળકનું મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૭૯/૧૬</u>**

**નરોડા : તા.૨૬/૭/૧૬ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે રાહુલ રતનલાલ તાવિયાડ (ઉ.વ.૦૪) યુનીયન કો.ઓ.બેંકની બાજુમાં નવા બનતાં મારૂતી નંદન ફ્લેટનાં પહેલાં માળે રમતાં- રમતાં પડી જતાં,** શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૭/૧૬ ના કલાક ૬/૧૫ વાગે તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશચંદ્ર ગુરૂદયાલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૦/૧૬**

**વેજલપુર : મીનાબહેન વા/ઓ દિપકભાઇ પરમાર** (ઉ.વ.૨૧)(રહે.ભાલેશ્વર સોસાયટી, વિભાગ-૧, જીવરાજપાર્ક, વેજલપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૮/૭/૧૬ સાંજનાં ૫/૦૦ થી ૭/૦૦ દરમ્યાન કોઇપણ સમયે પોતાના સાસરીનાં ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “એમ” ડીવીઝન નાઓ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)